
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



લો આ બોટ બાંધી દઉ... હવાઈ ચંપલની વાત કરી હતી ત્યારે જ મે આ બોટલો સાચવી રાખી હતી...!!

# નવું સત્ર શરૂ ન થાય ત્યાં સુધી સ્કુલો ફી માંગી શકશે નહીં

કોરોના વાયરસના કારણે સમગ્ર દેશ હવે ચોથા તબક્કાનું લોકડાઉન શરૂ કરવાનું છે આવા સમયમાં ખાનગી સ્કુલ તરફથી વાલીઓન નવા સત્રની ફી ભરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે જેને પગલે એક મોટો વિવાદ છે. વાલીઓ દ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. રાજયના શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવ વી.ટી.મંડોરા એ ફી મામલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે શાળાના સંચાલકોએ મહામારીના આ સમયે વાલીઓ સાથે માનવતાના ધોરણે રાહત આપવી જોઈએ અને બીજી તરફ અત્યારે સ્કૂલોએ શૈક્ષણિક સત્ર શરૂ થયું જ નથી તો ફી માંગવાનો પ્રશ્ન જ નથી ? આથી શૈક્ષણિક સત્ર શરૂ નહીં થાય ત્યાં સુધી રાજ્યની એકપણ શાળા ફી માંગી શકશે નહીં. હાલમાં જ રાજયના સુરત શહેરના એલ. પી. સવાણી અને પી. બી. પટેલ જેવી સ્કૂલોએ વાલીઓ પાસે ફી ની માંગણી કરી હતી. આ સ્કૂલોમાં ગુજરાત બોર્ડ સ્કૂલ એપ્રિલમાં શરૂ થવાની હતી પણ લોકડાઉનના કારણે તે શરૂ થઈ શકી નહીં. સ્પષ્ટ કરવો અત્યંત કઠિન છે અને મુશ્કેલ છે. ખરેખર સ્કૂલ ક્યારે શરૂ થશે અને નવા સત્રનો પ્રારંભ ક્યારે થશે. ખાનગી સ્કૂલના સંચાલકો વાલીઓને ફી ભરવા માટેનો દબાણ કરી રહ્યા છે. શિક્ષણ વિભાગના અનુભવી જણાવી રહ્યા છે કે જણાવી રહ્યા છે કે સ્કૂલના વાલીઓને રાહત આપવા માટેની વાત કરેલી છે. જોકે કેટલીક સ્કૂલોમાં ઓનલાઈન કલાસિસ શરૂ કરી દીધા હતા જેને લઈને પણ વિવાદ ઊભો થયો છે અને કેટલા વાલીઓએ તો પ્રશ્ન ઉઠાવ્યો છે.

**શિક્ષણ વિભાગ તરફથી સ્પષ્ટતા કરાઈ: ખાનગી સ્કુલ તરફથી વાલીઓન નવા સત્રની ફી ભરવા માટે દબાણ કરાઈ રહ્યું છે જેને લીધે એક મોટો વિવાદ છે**

રાજયમાં ૮ જૂનના રોજ સ્કૂલ શરૂ થાય તેવી જાહેરાત કરવામાં આવી હતી પણ હવે જૂન મહિનામાં પણ સ્કૂલ શરૂ થશે કે કેમ તે અત્યારથી કહી શકાય તેમ નથી ? આવી સ્થિતિ સીબીએસસી બોર્ડની છે. શિક્ષણ વિભાગ દ્વારા આજે પણ હાલમાં સત્ર શરૂ થાય પહેલા જ વિદ્યાર્થીઓને એડમિશન આપવું એ ગેરકાયદે ગણવામાં આવે છે. સ્કૂલોમાં નવા ધોરણ કે ના વર્ગમાં પ્રવેશ મળ્યો નથી એવામાં ફી ની ઉઘરાણી કરવી તે અયોગ્ય છે ? શિક્ષક જગતમાં અનુભવી લોકો જ્યારે એ ધોરણનું પરિણામ આવ્યું નથી ત્યાં બીજા ધોરણના વિષયોની સમજ આપવી કેટલી યોગ્ય છે. જો કે કેટલીક ખાનગી સ્કૂલો તો જૂન મહિનામાં સત્ર શરૂ થઈ જશે એવી ખાતરી આપી રહ્યા છે. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા આ બાબતની કોઈપણ સ્પષ્ટતા કરતા નથી કે જૂન મહિનાથી સત્ર શરૂ થશે કે નહીં એક તરફ કોરોના વાયરસ મહાબિમારી છે. સ્કૂલોમાં વિદ્યાર્થીઓને એકઠા થવા લીધે મહાબિમારીનો ખતરો વધી જતો હોય છે. કેટલીક સ્કૂલોમાં તો વિદ્યાર્થીઓને પી.પી.કીટ લેવા માટેનો અત્યારથી જ સ્કૂલોના વ્હોટ્સ ગ્રુપ પર મૂકવામાં આવ્યા છે તેની કિંમત નક્કી કરી દીધી છે. સ્કૂલના સંચાલકો ગમે તેમ રીતે પૈસા ઉઘરાવવાનું આયોજન કરી દે છે,પરંતુ આ પીપીઈ કીટ પહેરીને વિદ્યાર્થી સ્કૂલમાં જશે. કિટનું ટેમ્પરેચર કેવી રીતે મેન્ટેન થશે વિદ્યાર્થી તો શરીરમાં ટેમ્પરેચર ના લીધે જ ડીહાઈડ્રેશન થવાના લીધે ટેન્શનમાં આવી જશે આ બાબતે કોઈ સ્કૂલ સંચાલકો કીટ બાબતનો સ્પષ્ટીકરણ કર્યું નથી.



લોકડાઉનમાં છૂટ મળી છે પરંતુ લોકડાઉનને સંપૂર્ણપણે ઉઠાવી લેવાયુ નથી. ગાંધીનગર શહેરમાં પ્રવેશતા તમામ વાહનોનું ચેકીંગ ખૂબ કડક રીતે કરવામાં આવે છે. પોલીસકર્મીઓ ચ-૦ ના સર્કલે સતત હાજર રહે છે.

## સતત બીજા મહિને-મે મહિનામાં પણ પશુદિઠ રૂ. ૨૫ દૈનિક સહાય રાજ્ય સરકાર આપશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસ સંક્રમણને કારણે સર્જાયેલી સ્થિતીમાં લોકડાઉનને કારણે રાજયના મૂંગા-અબોલ પશુજીવોને ઘાસચારો-પશુ આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તેવી સંવેદના સાથે પશુદિઠ દૈનિક રૂ. ૨૫ સહાય રાજ્ય સરકાર તરફથી આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ નિર્ણયની વિગતો આપતાં જણાવ્યું કે રાજયની રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળના આશરે ૪ લાખ જેટલા પશુઓ માટે મે મહિના પુરતું પશુદિઠ રોજના રૂ. ૨૫ની સહાય રાજ્ય સરકાર આપવાની છે.

આ સહાય આપવાને પરિણામે રાજ્ય સરકાર અંદાજે ૩૦ થી ૩૫ કરોડનો વધારાનો બોજ વહન કરશે એમ પણ મુખ્યમંત્રીના સચિવે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે મુખ્યમંત્રીએ આવી રૂ. ૨૫ની દૈનિક પશુ સહાય એપ્રિલ મહિનામાં પણ પાંજરાપોળ ગૌશાળાઓ માટે જાહેર કરેલી હતી અને જિલ્લા કલેકટરતંત્ર દ્વારા તે ગૌશાળા-પાંજરાપોળને પહોચાડવામાં આવી હતી. આ અંતર્ગત પણ રાજ્ય સરકારે રૂ. ૩૦ થી ૩૫ કરોડનો બોજ વહન કર્યો હતો.

મુખ્યમંત્રીએ કોરોના વાયરસને કારણે લોકડાઉનની સ્થિતી વધુ લંબાવાતા મે મહિનામાં પણ પશુઓ-અબોલ જીવોને ઘાસચારો મળી રહે તે માટેની સંવેદના દર્શાવી આ સહાય મે-મહિનામાં પણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે એમ અશ્વિનીકુમારે ઉમેર્યુ હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર નજીક આલમપુર માર્કેટયાર્ડ ૧૮ મીથી કાર્યરત કરવામાં આવશે તેવો નિર્ણય આજે લેવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા આજે જિલ્લાની પ્રવર્તમાન સ્થિતિ અંગે તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એનેસ્થેસીયા વિભાગના એક સિનીયર રેસિડન્ટ ડોક્ટરનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જો કે તે તબીબ અમદાવાદમાં રહે છે.
- ગાંધીનગર શહેરમાં આજે ઘણા સેક્ટરોમાં બપોર બાદ કરિયાણાની દુકાનો વેપારીઓએ સ્વેચ્છાએ બંધ કરી દીધી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શાકભાજીનો વેપાર કરનારા લોકોને ૨૦૦થી વધુ હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.
- કેન્દ્રના રાજયકક્ષાના મંત્રી મનસુખભાઈ માંડવિયાના પિતાજી લખમણભાઈ માંડવિયાનું ૧૦૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.





સંપૂર્ણ લોકડાઉનમાંથી શહેરને થોડીક છૂટછાટ મળી છે. લગભગ એક અઠવાડિયાના સમયગાળા બાદ શાકભાજી અને કરીયાણુ મળતાં થયા છે. સવારથી જ કરીયાણાની દુકાનો ચાલુ રહેતા વસાહતીઓએ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. જોકે વસાહતીઓએ સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી.

# અડાલજ ખાતે મિઝોરમ થીમ પર શાક માર્કેટ ઉભું કરાયું

## માસ્ક પહેર્યા વગર માર્કેટમાં આવતા ગ્રાહકોને શાકભાજીની લારીવાળા માસ્ક આપશે

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામ ખાતે કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે મિઝોરમ રાજયના શાકમાર્કેટની થીમ પર અડાલજ ગ્રામજનો માટે એક નવું શાક માર્કેટ ઉભું કરવાની તૈયારીઓ પૂર્ણાહુતિના આરે છે, તેવું તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ જણાવ્યું છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ જણાવ્યું છે કે, અડાલજ ગામમાં કોરોના વાયરસના પોઝિટીવ કેસ મળ્યા હતા. તે પછી સતર્ક બનેલા ગામના સરપંચ શ્રીમતી કોકિલાબેન રોહિતજી ઠાકોર અને ઉપસરપંચ શ્રી ઈશ્વરજી આંટાજી વાધેલા, ગામના તલાટી શ્રી કે.બી.જોષી અને મીનલ રાદડિયાએ ગામમાં શાકભાજીના વેપાર દરમ્યાન કોરોના સંક્રમણ ન ફેલાય તે માટેનું સુચારું આયોજન કર્યું હતું. ત્યારબાદ અડાલજ ગામમાં મિઝોરમ થીમ પર શાકભાજી વેચાણ કેન્દ્ર ઉભું કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ શાકમાર્કેટમાં ૨૫ પ્લોટ ઉભા કરવામાં આવ્યા છે. એક પ્લોટમાં એક શાકભાજીની લારી ઉભી રહી શકશે. તેમજ એક પ્લોટ અને બીજા પ્લોટ વચ્ચે અંદાજે સાત થી આઠ ફૂટનું અંતર રાખવામાં આવ્યું છે. તેમજ બે લાઈન વચ્ચે શાકભાજી ખરીદી કરનાર ગ્રામજનો ચાલી શકે તે માટે ત્રણ ફૂટનું અંતર રાખવામાં આવ્યું છે. જેથી શાકભાજીની ખરીદી કરવા આવતા લોકોને ચાલવામાં પણ તકલીફ પડે નહિ અને સોશિયલ ડિસ્ટન્સ પણ જળવાઈ રહેશે.



વધુમાં તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું છે કે આ શાકમાર્કેટમાં વેપાર કરવા આવનાર તમામ શાકભાજીની લારીઓના સંચાલકનું હેલ્થકાર્ડ તૈયાર કરવામાં આવશે. તેમજ દરરોજ શાકભાજીનો વેપાર કરવા આવે તે પહેલા તેમનું સ્કેનીંગ કરવામાં આવશે. ત્યારબાદ જ તેમને શાકભાજી વેચવાની પરવાનગી આપવામાં આવશે. તે ઉપરાંત દરેક શાકભાજીની લારીનું સંચાલન કરતા લોકોને માસ્ક પહેરવું ફરજીયાત રહેશે. તેમજ શાકભાજી ખરીદી કરવા આવનાર વ્યક્તિએ માસ્ક નહિ પહેર્યું હોય તો તેમને લારીવાળા જ માસ્ક આપી શાકભાજી ખરીદી કરવાનું જણાવશે, જેના થકી લોકોમાં માસ્ક અંગેની જાગૃતિ આવશે. તેમજ આ મિઝોરમ થીમ પર નિર્માણ પામનાર શાકભાજીના માર્કેટમાં સેનિટાઈઝર અને હાથ ધોવાની પણ સુવિધા ઉભી કરવામાં આવનાર છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# જે બાળકોની રોગપ્રતિકારક શક્તિ જ અન્ય રોગની શિકાર છે તેમની સંભાળ કેવી રીતે લેવાય છે ?

## સેક્ટર-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકો કોવિડ-૧૯નો સામનો કેવી રીતે કરી રહ્યા છે? પહેલાથી મર્યાદિત છૂટછાટ ભોગવતા બાળકો લોકડાઉનમાં કેવી રીતે સમય પસાર કરે છે?





ગાંધીનગર, તા. ૧૬

શ્રેષ્ઠ સમય ત્યારે જ આવે છે જ્યારે તમે ખરાબ સમય સામે ટકી રહો છો. હાલ દેશ અને દુનિયામાં જે પ્રવર્તમાન જે સ્થિતિ સર્જાઈ છે જેના કારણે આપણે આપણાં શબ્દોને સેનેટાઈઝ કરવા પડ્યા છે, લાગણીઓ પર કરફ્યુ લગાડવો પડ્યો છે અને ઘરમાં જ રહી સરક્ષિત રહેવાના મંત્રને અપનાવ્યો છે. આપણે તો આપણાં ઘરમાં રહીને પરિવાર સાથે સુંદર સમય વ્યતીત કરવા સાથે યોગ-પ્રાણાયામ કરી, ચ્યવનપ્રાશ અને ઉકાળો વગેરે ગ્રહણ કરીને રોગ પ્રતિકારકશક્તિ વધારી રહ્યા છીએ પરંતુ ક્યારેય વિચાર્યું છે કે જે બાળકોની રોગપ્રતિકારક શક્તિને જ નષ્ટ કરી દે તેવા રોગના અજાણતા શિકાર બનેલા છે તેઓ આ સમયે કોરોના કોવિડ-૧૯ સામે કેવી રીતે લડત આપી રહ્યા છે? કોણ તેમની સંભાળ લઈ રહ્યું છે? વળી, આપણી પાસે તો સમય પસાર કરવા સ્માર્ટ ફોન પણ છે જ્યારે આ બાળકો તો પોતે જ અન્યને આશ્રિત છે.

ગાંધીનગરના સેક્ટર-૧૯ ખાતેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ફોર બોય્ઝ જ્યાં રાજ્યના એચઆઈવી પોઝિટિવ આશ્રિત બાળકો રહે છે જેનું સંચાલન છેલ્લા કેટલાક સમયથી હવે જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે તે બાળકો કોવિડ-૧૯ને મ્હાત આપવા માટે સુસજ્જ છે. આ બાળકોની રોગ પ્રતિકારકશક્તિ આમ તો ખૂબ ઓછી હોય છે જેના કારણે તેઓ કપરી શારીરિક અને માનસિક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હોય છે. સેકટર-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે અત્યારે કુલ ૩૯ બાળકો આશ્રય લઈ રહ્યા છે જેમાં ૩૦ બાળકો તો પોતાના માતા-પિતાની છત્રછાયા જ ગુમાવી ચૂક્યા છે અને ૯ બાળકો સિંગલ પેરેન્ટ ચાઈલ્ડ છે એટલે કે જેમના માતા અથવા પિતા બંને પૈકી એક જ હયાત છે. એક તરફ ના તો એમની પાસે પરિવાર છે અને ના તો કોઈ મિત્રો છે, ઉપરથી શાળા પણ બંધ છે. તેમને ગમતી પ્રવૃતિ કરાવવા માટે સંચાલકો પણ અવઢવમાં છે કેમકે શહેરમાં નથી કોઈ સિનેમા ગૃહ ચાલુ કે નથી કોઈ લાઈબ્રેરી, હોટેલ ચાલુ. નથી કોઈ આઉટડોર એકીટિવિટીનું આયોજન થઈ શકતું કે નથી કોઈ એજ્યુકેશન ટૂર યોજી શકાતી.



હાલ તો આ બાળકોના સ્પેશિયલ હોમની સંચાલક સંસ્થા જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના સ્થાપક અધ્યક્ષ અનુપ પરીખ, માર્ગદર્શક કૃષ્ણકાંત જહાં અને વિશેષ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડો. ચિરાગ ઉપાધ્યાયે જવાબદારી ઉઠાવી આગવી સુવિધા ઊભી કરી છે. આ ઉપરાંત કોવિડ-૧૯ સામે લડવા બાળકોને પૂરતો પૌષ્ટિક આહાર મળે તેનું ધ્યાન રખાય છે જેથી તેઓ સમાજમાં આ વિકટ ઘડીમાં એક આગવું ઉદાહરણ બનીને ઊભરી શકે. આ તમામ જહેમત માટે સંચાલક સંસ્થાના ટ્રષ્ટીગણ તેમજ હોસ્ટેલના સુપ્રિટેન્ડન્ટ દીલીપભાઈ ચાવડા આ સમયે બિરદાવવા યોગ્ય કામગીરી કરી રહ્યા છે.

### બાળકો કેવી પ્રવૃતિ કરે છે?

સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોને હોસ્ટેલ નહીં પરંતુ ઘર જેવી હૂંફ અને મમતા સંસ્થાના ડાયરેકર, ચાઈલ્ડ સાયકોલોજિસ્ટ અને કાઉન્સિલર દીપાલી ઉપાધ્યાય આપી રહ્યા છે અને સાથે સાથે બાળકોને ગમતી નાનામાં નાની પ્રવૃતિ ધ્યાનમાં રાખવા સાથે તેમણે અહી એક મંદિરની પણ સ્થાપના કરી છે. અત્યારે બાળકોને સવાર-સાંજ યોગ-પ્રાણાયામ કરાવાય છે, મહા મૃત્યુંજયના મંત્રના જાપ શીખવાડાય છે, બાળકોને તેમને ગમતા ચિત્રો દોરવાનું શિખવાડવામાં આવે છે, રમતો દ્વારા ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખવા સાથે પોતાની ક્ષમતા વધારવાની અને ઋતુ મુજબ આહાર-વિહારને અનુસરવાની તાલીમ અપાય છે, આ સાથે બાળકને પૂરતું વ્યવહારુ જ્ઞાન અને મનોરંજન મળે તે માટે પ્રેરણાદાયક ફિલ્મ નિદર્શન યોજવામાં આવે છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૨૧ સને ૨૦૧૯-૨૦**

**આઈ.ડી. નં. ૪૦૭૯૩૦**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની નર્મદા કેનાલ આધારિત સુજલામ સુફલામ જી-૨ મોટા જલુન્દ્રા ગ્રુપ, જુથ પાણી પુરવઠા યોજનાના રૂ. ૧૨૧.૩૦ લાખ માટે ૨ વર્ષની મરામત અને નિભાવણી માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://www.statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૪-૬-૨૦૨૦ વેબસાઈટ પર મુકવામાં આવે છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦ માહિતી/૯૨/૨૦-૨૧